આદર્શ નિવાસી શાળા (કુમાર) સુરત, જી. સુરત ખાતે ધો.૧૧ નો ક્રમિક વર્ગ વધારો કરવા અંગેની વર્ષ:૨૦૨૩-૨૪ની નવી બાબતને વહીવટી મંજૂરી આપવા બાબત.

ગુજરાત સરકાર
આદિજાતિ વિકાસ વિભાગ
ઠરાવ ક્રમાંક: **TDD/ANS/e-file/25/2023/0233/G Section**
સચિવાલય, ગાંધીનગર.

<u>વંચાણે લીધા:</u>

(૧) આદિજાતિ વિકાસ વિભાગનો તા.૧૦/૦૨/૨૦૨૦નો ઠરાવ ક્ર:અનશ/૨૦૨૦૧૯/ ન.બા-૦૯/ગ
(૨) નિયામકશ્રી (આ.વિ)ની કચેરીનો તા.૧૩/૦૧/૨૦૨૩નો પત્ર નં. DOTD/gtp/e-file/242/2022/0714/Adarsh Nivasi Shala

<u>આમુખ:</u>

ઉપરોકત વંચાણે લીધેલા ક્રમાંક (૧) સામેના આદિજાતિ વિકાસ વિભાગના ઠરાવથી આદર્શ નિવાસી શાળા (કુમાર) સુરત, જી. સુરત ખાતે ધો.૧૦નો વર્ગ વધારો થયેલ છે. ઉપરોક્ત વંચાણે લીધેલા ક્રમાંક (૨) થી ઉપરના નિયામકશ્રી (આ.વિ.)ની કચેરીના પત્રથી, આદર્શ નિવાસી શાળા (કુમાર) સુરત, જી. સુરત ખાતે ધોરણ-૧૧નો ક્રમિક વર્ગ વધારો કરવા અંગેની નવી બાબતને વર્ષ ૨૦૨૩-૨૪ના અંદાજપત્રમાં સમાવેશ કરવા દરખાસ્ત રજૂ કરવામાં આવેલ છે. પ્રસ્તુત દરખાસ્ત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

<u>ઠરાવ:</u>

પુખ્ત વિચારણાના અંતે, આદર્શ નિવાસી શાળા (કુમાર) સુરત, જી. સુરત ખાતે ધોરણ-૧૧નો ક્રમિક વર્ગ વધારો કરવા બાબતે <u>મદદનીશ શિક્ષક (ઉ.મા.વિ.),</u> વર્ગ-૩ (પ.ધો.-ROP-2006-રૂ.૯૩૦૦-૩૪૮૦૦, ગ્રેડ-પે રૂ.૪૪૦૦/-, પ.ધો-ROP-2016-રૂ.૩૯૯૦૦-૧૨૬૬૦૦, પે-મેટ્રીક્સ લેવલ-૭, ના.વિ.ના તા.૧૮/૦૧/૨૦૧૭ના ઠરાવ મુજબ માસિક ફિક્સ પગાર રૂ.૩૮૦૯૦/-) ની ૦૩ (ત્રણ) નવી જગ્યાઓ ઉભી કરવાની તથા તેમના મહેકમ ખર્ચ અન્ય નિભાવ ખર્ચ પેટે રૂ.૨૮.૯૮ લાખની વર્ષ ૨૦૨૩-૨૪ના અંદાજપત્રમાં થયેલ જોગવાઈની નવી બાબતને નીચેની શરતોને આધીન આથી વહીવટી મંજૂરી આપવામાં આવે છે.

<u>શરતો:</u>

<u>(૧) ભરતી અંગેની સામાન્ય શરતો</u>

a. આ જગ્યાઓ ઉપરની ભરતી સરકારશ્રીના જે તે જગ્યાના પ્રવર્તમાન ભરતી નિયમો અને નિયત ભરતી પધ્ધતિને અનુસરીને કરવાની રહેશે.
b. સીધી ભરતીના ફાળાની જગ્યાઓ વહીવટી મંજુરી મળ્યેથી છ માસમાં સીધી ભરતીથી ભરવા અંગે સા.વ.વિ./નાણા વિભાગ મારફત સ્થાયી સમિતિની મંજુરી મેળવી ભરતી પ્રક્રિયા હાથ ધરવાની રહેશે.
c. આ જગ્યાઓ ભરતી વખતે અનામતનું ધોરણ નિયમોનુસાર જળવાય તે નિયામકશ્રી(આ.વિ.)એ જોવાનું રહેશે. આ જગ્યાઓ ભરતી વખતે બેકલોગની જગ્યા હોય તો તેને અગ્રીમતા આપવાની રહેશે.
d. આ જગ્યાઓ પર નિમણૂંક પારદર્શક પસંદગી પ્રક્રિયા હાથ ધરીને કરવાની રહેશે.
e. કોમ્પ્યુટરની જાણકારી માટે પ્રવર્તમાન ભરતી નિયમોનુસાર ઉમેદવાર નિયત થયેલ કોમ્પ્યુટર કૌશલ્યની પરીક્ષા પાસ કરેલ/લાયકાત ધરાવતા હોવા જોઈએ.
f. રાજ્ય સરકાર દ્વારા વખતોવખત નિયત કરવામાં આવેલ ભાષાકીય-ખાતાકીય પરીક્ષાઓ નિયત તકમાં પાસ કરવાની રહેશે.

<u>(૨)પગાર અને નવી વર્ધીત પેન્શન યોજના</u>

a. જે તે જગ્યાઓના પગાર-ધોરણો આર.ઓ.પી.-૨૦૧૬ પ્રમાણે છે કે કેમ તે ખાતરી કરી લેવાની જવાબદારી નિયામકશ્રી(આ.વિ.)ની રહેશે.

b. વર્ગ-૩ ની જગ્યાઓ ભરતી નિયમોની જોગવાઈ મુજબ જો બઢતીના ફાળે આવતી હોય તો તે પ્રમાણે અને જો સીધી ભરતીના ફાળે આવતી હોય તો નાણાં વિભાગના તા. ૧૬/૦૨/૨૦૦૬ થી અમલી બનેલ ફીક્સ પગારની નીતિ અને નાણા વિભાગના તા. ૨૮/૦૩/૨૦૧૬ ના ઠરાવથી નિયત થયેલ બોલીઓ અને શરતો અનુસાર અને તેમાં વખતોવખત થયેલ સુધારાઓની જોગવાઈઓ પ્રમાણે ભરવાની રહેશે.
c. સીધી ભરતીથી નિમણૂક પામનાર ઉમેદવારને નિયમિત નિમણૂક મળ્યા બાદ નાણાં વિભાગના તા.૧૮/3/૨૦૦૫ના ઠરાવ ક્રમાંકઃનપન/૨૦૦૩/જીઓઆઈ/૧૦ (પા.ફા.) ની જોગવાઈ પ્રમાણે રાજય સરકાર દ્વારા તા. ૧/૪/૨૦૦૫ થી દાખલ કરવામાં આવેલ નવી વર્ધીત પેન્શન યોજના હેઠળ આવરી લેવાના રહેશે

**(૩) જગ્યાઓની મુદત અને સેવાઓ અગે**

a. આ નવી મંજૂર કરેલ જગ્યાઓ જે-તે નાણાકીય વર્ષના અંત સુધી ચાલુ રાખવાની મંજૂરી આપવામાં આવે છે. ત્યારબાદ જગ્યાઓ વખતોવખત ચાલુ રાખવાની થાય તો વિભાગે જગ્યાઓ લંબાવવાની દરખાસ્ત મુદ્દત પૂરી થતા પહેલાંના એક માસ અગાઉ નાણાકીય સલાહકારશ્રીને રજૂ કરી જગ્યા વધુ સમય ચાલુ રાખવાની મંજૂરી મેળવી લેવાની રહેશે.
b. સીધી ભરતી/બઢતીના ફાળાની નવી ઊભી થયેલ જગ્યાઓની સેવાઓ કરાર આધારિત/આઉટ સોર્સથી લેવાની જરૂરિયાતના સંજોગોમાં અચૂક નાણા વિભાગ(કરકસર પ્રભાગ)ની પૂર્વ મંજુરી મેળવી લેવાની રહેશે.

**(૪) નાણાકિય ઔચિત્ય**

a. પ્રસ્તુત કામ માટે પ્રવર્તમાન નિયમોને આધીન ચાલુ તથા આગામી નાણાકીય વર્ષમાં પર્યાપ્ત અંદાજપત્રીય જોગવાઈ કરાવી લેવાની રહેશે.
b. આ અંગેનું ખર્ચ રાજય સરકારના સ્થાયી તેમજ વખતો-વખત લાગુ પડતા ઠરાવો/પરિપત્રો અને નિયમોની જોગવાઈઓ મુજબ નિયત પધ્ધતિથી કરવાનું રહેશે.
c. આ મંજૂરી અંગે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિધ્ધાંતોનો અમલ કરવાનો રહેશે.
d. આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાંટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહીં. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.
e. યોજના હેઠળ નિયત કરવામાં આવેલ શરતોનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.
f. સદર વહીવટી મંજુરી અન્વયે સતત ત્રણ વર્ષ સુધી ખર્ચ ન થાય તો આ વહીવટી મંજુરી આપોઆપ રદ ગણાશે.

આ અંગેનો ખર્ચ માંગણી ક્રમાંક:૯૩ આયોજન, મુખ્ય સદર:૨૨૨૫ અનુ.જાતિઓ, અનુ.આદિજાતિઓ અને અન્ય પછાત વર્ગોનું કલ્યાણ, પેટા મુખ્ય સદર:૦૨ અનુ.જનજાતિઓનું કલ્યાણ, ગૌણ સદર:૨૭૭-શિક્ષણ , પેટા સદર: ૧૭-વીકેવાય-૧૪ આદર્શ નિવાસી શાળાઓ હેઠળ થયેલ જોગવાઈમાંથી મેળવવાનું તેમજ ઉધારવાનું રહેશે.

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ ઉપર નાણાં વિભાગની તા.૦૭/૦૫/૨૦૨૩ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે ,

**(ડી. એલ .પરમાર)**
**સંયુક્ત સચિવ**
**આદિજાતિ વિકાસ વિભાગ**

eSign
Signed by: DINESHKUMAR LAXMANBHAI PARMAR
Organization Unit: Tribal Development Department
Organization Name: GOVERNMENT OF GUJARAT
Date: 15-May-2023 (02:01 PM)

**નકલ રવાના:**

- માન.રાજ્યપાલશ્રીના અગ્રસચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
- માન.મંત્રીશ્રી (આ.વિ.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- માન.રા.ક.મંત્રીશ્રી (આ.વિ.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રીના અગ્ર રહસ્ય સચિવશ્રી, આદિજાતિ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- નિયામકશ્રી (આ.વિ.), નિયામક(આ.વિ)ની કચેરી, બિરસા મુંડા ભવન,ગાંધીનગર.
- સર્વે મદદનીશ કમિશનરશ્રી (આ.વિ), (નિયામકશ્રી (આ.વિ) મારફત)
- મહાલેખાકારશ્રી, ગુજરાત રાજ્ય, અમદાવાદ, રાજકોટ.
- નાણાં સલાહકારશ્રી (આ.વિ.વિ), સચિવાલય, ગાંધીનગર.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર.
- સર્વે જિલ્લા તિજોરી અધિકારીશ્રી. (કમિશનરશ્રી (આ.વિ)મારફત)

- સેકશન અધિકારીશ્રી, બજેટ શાખા, આદિજાતિ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- સિસ્ટમ મેનેજરશ્રી, આદિજાતિ વિકાસ વિભાગ,સચિવાલય,આ.વિ.વિ ની વેબસાઈટ પર મુકવા વિનંતી સહ
- સિલેક્ટ ફાઈલ.


*Open the document in Adobe Acrobat DC to verify the E-sign*